# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) **રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે**
2) **આજે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસઃ રાજ્ય સરકારે દિવ્યાંગોની યોજનાઓ અંતર્ગત 650 કરોડ રૂપિયાની સહાય ચૂકવી**
3) નવેમ્બર મહિનામાં રાજ્ય સરકારની G.S.T.ની આવક 27 ટકા વધીને 6 હજાર 557 કરોડ થઈ
4) **PM વિશ્વકર્મા યોજના હેઠળ ગુજરાતમાં બે લાખથી વધુ લાભાર્થીઓ**
5) અમદાવાદ-ભુજ વચ્ચે ચાલી રહેલી નમો ભારત રેપિડ રેલ ટ્રેનમાં અત્યાર સુધી એક લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી
6) રાજ્યનાં સાત શહેરોમાં લઘુતમ તાપમાનનો પારો 15 ડિગ્રી;12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નલિયામાં સૌથી વધુ ઠંડી

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJ. MADHYAHAN BHOJAN

રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે. રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના બાળ વાટિકાથી ધોરણ- 8 સુધીના વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ રાજ્યની 32 હજાર 277 શાળાના અંદાજે 41 લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં આવશે. રાજ્ય સરકાર આ યોજના માટે વાર્ષિક 617 કરોડ રૂપિયાનો ખર્ચ કરશે.

પ્રધાનમંત્રી પોષણ યોજનાના માનદ વેતનધારક સંચાલકને હવે 4500 રૂપિયાનું માસિક માનદવેતન, 26 કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓના રસોઇ. કૂક કમ હેલ્પરને માસિક 3 હજાર 750 રૂપિયા તથા નાની શાળાઓ માટે વધારાના સ્ટાફ-હેલ્પરને માસિક 1500 રૂપિયાનું માનદવેતન આપવામાં આવશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# GUJ. DIVYANGJAN YOJNA

દિવ્યાંગોને મુખ્ય ધારામાં સમાવીને તેમનાં પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના હેતુથી દર વર્ષે ત્રીજી ડિસેમ્બરને ‘આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ વર્ષની આ દિવસની વિષયવસ્તુ છે- ‘સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્ય માટે દિવ્યાંગ વ્યક્તિઓના નેતૃત્વનો વિસ્તાર’ .. દરમિયાન, ગુજરાતમાં દિવ્યાંગો માટેની વિવિધ યોજના અંતર્ગત 650 કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ...

## (વોઇસ કાસ્ટ- અનિલ પટેલ)

*દિવ્યાંગ ઓળખકાર્ડ, એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન સ્કીમ, દિવ્યાંગ સાધન સહાય યોજના જેવી યોજના હેઠળ પાંચ વર્ષમાં છ લાખ 20 હજાર દિવ્યાંગોને લાભ આપવામાં આવ્યો છે.*

*રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગજનો માટેની વિશેષ ઓળખ અને સુવિધા માટે ‘યુનિવર્સલ આઈ.ડી કાર્ડ’ આપવામાં આવ્યું છે. આ કાર્ડનાં માધ્યમથી દિવ્યાંગ વ્યક્તિઓ એસ.ટી બસમાં મફતમાં મુસાફરી કરી શકે છે. તેમનો આ પાસ હવેથી જીવનભર માન્ય રાખવામાં આવ્યો છે.*

*અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

-----------------------------------------------------------------------

- મા.ખાતું-અનિલ પટેલ-યશ્રી

# GST INCOME

રાજ્યનાં કર વિભાગને નવેમ્બર મહિનામાં 6 હજાર 657 કરોડ રૂપિયાની આવક થઈ છે, જે નવેમ્બર 2023ની સરખામણીમાં 27 ટકા વધુ છે. જીએસટીનાં અમલીકરણ બાદ આ બીજા ક્રમની સૌથી વધુ માસિક કર આવક છે એમ મુખ્ય રાજ્ય કર કમિશનરની કચેરીએ જણાવ્યું છે.

નવેમ્બર મહિનામાં રાજ્ય સરકારને વેટ પેટે બે હજાર 810 કરોડ રૂપિયા, વિદ્યુત શુલ્ક પેટે 993 કરોડ રૂપિયા અને વ્યવસાય વેરા પેટે 13 કરોડ રૂપિયાની આવક થઈ છે. આમ સરકારને તમામ વેરા પેટે 10 હજાર 473 કરોડ રૂપિયાની આવક થઈ છે.

---

- ડેસ્ક અનિલ
, NAVIN

# NARMADA ONLINE PASS

નર્મદા જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે એસ ટી ડેપો દ્વારા નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. એસ ટી પાસ માટે વિદ્યાર્થીઓએ હવે કલાકો સુધી લાઇનમાં નહીં ઊભા રહેવું પડે. એસ ટી ડેપો દ્વારા એક પોર્ટલ ચાલુ કરવામાં આવ્યું છે, જેમાં વિદ્યાર્થીઓ પાસ માટે ફોર્મ ભરીને સબમિટ કરવાનું રહેશે. ત્યારબાદ તેમને સીધું પાસ લેવા માટે જ ડેપો ની પાસ ઓફીસ ખાતે આવું પડશે. આ સુવિધાથી વિદ્યાર્થીઓનો સમય પણ બચી જશે અને તેમને ધક્કા પણ નહીં ખાવા પડે.

બાઈટ - કે એસ નાઈ (ડેપો મેનેજર)

---------------------------------------------------------------------

- NDMS, ANIL, NAVIN

# RAVI KRUSHI MAHOTSAV - BANASKANTHA

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આગામી 6 ડિસેમ્બરે બનાસકાંઠા જિલ્લામાં રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪'નો પ્રારંભ થશે. બનાસકાંઠાના દાંતીવાડામાં આવેલ સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી ખાતે મેજર ધ્યાનચંદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ સંકુલમાં સવારે 9-00 વાગ્યાથી રાજય કક્ષાના કાર્યક્રમનું આયોજન કરાશે. આ સાથે 6 અને 7 ડિસેમ્બર 2024 દરમિયાન જિલ્લાના તમામ તાલુકાઓ ખાતે પણ આ કૃષિ મહોત્સવનું આયોજન હાથ ધરાશે. બનાસકાંઠા જિલ્લામાં રાજય કક્ષાનો 1(એક) અને તાલુકા કક્ષાના 13 (તેર) કુલ મળીને 14 કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યના ખેડૂતોને રવિ પાકોની ઋતુમાં પાકોની આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂત લક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા 'રવિ કૃષિ મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે.

-------------------------------------------------------------------

- પીટીસી બનાસકાંઠા, હર્ષ, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# P.M. Vishwakarma Scheme

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ અત્યારસુધી ગુજરાતમાં અંદાજિત બે લાખથી વધુ લાભાર્થીઓનો સમાવેશ થયો છે.

રાજયસભામાં સાંસદ નરહરી અમીને પૂછેલા એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી શોભા કરાન્દલજેએ જણાવ્યું કે, લાભાર્થીઓને ઉદ્યોગ સ્થાપવા માટેની ત્રણ લાખ રૂપિયા સુધીની સહાય બે તબક્કામાં ચૂકવવામાં આવે છે. જેનો પ્રથમ હપ્તો એક લાખ રૂપિયાનો મળે છે ત્યારબાદ બે લાખ રૂપિયા લાભાર્થીઓને ચૂકવવામાં આવે છે. આ લોન પાંચ ટકાના વ્યાજદરે આપવામા આવે છે તથા કેન્દ્ર સરકાર દ્વારા 8 ટકા સુધી આર્થિક સહાય આપવામાં આવે છે.

---------------------------------------------------------------------

- ડેસ્ક, હર્ષ, NAVIN

# JAMNAGAR WALL PAINTING

જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિ માટે તેમજ હેરિટેજ ઇમારતો માં યુવા પેઢીને રસ પડે તે હેતુથી સરકારી દીવાલો પર ખાસ પેઇન્ટિંગ કરવામાં આવવામાં આવ્યા છે.

શહેરમાં રાજાશાહીનાં સમયની હેરિટેજ ઇમારતોનાં પેઇન્ટિંગ તૈયાર કરવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ બાળકો અને યુવા પેઢીઓમાં જાગૃતિ લાવવાનો છે.

આ અંગે જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં એન્જિનિયર ભાવેશ જાનીએ વધુ માહિતી આપી

## બાઈટ : ભાવેશભાઈ જાની (સીટી એન્જીનીયર જે.એમ.સી )

---

- NDMS, ANIL, NAVIN

# NAMO BHARAT AHMEDABAD BHUJ

અમદાવાદ-ભુજ વચ્ચે ચાલી રહેલી નમો ભારત રેપિડ રેલ ટ્રેનને મુસાફરો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. 16 સપ્ટેમ્બરનાં રોજ શરૂ થયેલી આ ટ્રેનમાં 30 નવેમ્બર સુધી એક લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે. આ દરમિયાન આ ટ્રેને 3 કરોડ 12 લાખ રૂપિયાની આવક કરી છે અને તેની ઓક્યુપન્સી પણ સતત વધી રહી છે.

સ્વદેશી ટેક્નોલોજીથી વિકસિત આ ટ્રેન 12 એર-કન્ડિશન્ડ કોચથી સજ્જ છે, જેમાં સેન્ટ્રલાઇઝ્ડ ઓટોમેટિક સ્લાઈડિંગ દરવાજા, મોડ્યુલર ઈન્ટિરિયર, એલઈડી લાઈટિંગ, રૂટ મેપ ઈન્ડિકેટર્સ, સીસીટીવી, ફોન ચાર્જિંગ સહિતની સુવિધાઓ છે.

આ ટ્રેન બંને દિશાઓમાં સાબરમતી, ચાંદલોડિયા, વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, સામખિયાળી, ભચાઉ, ગાંધીધામ અને અંજાર સ્ટેશને ઉભી રહે છે.

---

- પીટીસી ભુજ અનિલ, NAVIN

# WEATHER

રાજ્યનાં સાત શહેરોમાં ગઈ કાલે લઘુતમ તાપમાનનો પારો 15 ડિગ્રીથી નીચે ગગડ્યો હતો. સોમવારે રાત્રે 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર રહ્યું હતું, જ્યારે સુરતમાં લઘુતમ તાપમાન 21.9 ડિગ્રી નોંધાયું હતું.

નલિયા ઉપરાંત, દાહોદ, રાજકોટ, ડીસા, પોરબંદર, વડોદરા, જામનગરમાં પણ સરેરાશ લઘુતમ તાપમાન 15 ડિગ્રીથી નીચે રહ્યું હતું.

અમદાવાદમાં 15.2 ડિગ્રી, ભુજમાં 15.8, ગાંધીનગરમાં 16.3, ડાંગમાં 17.1, ભાવનગરમાં 17.4, કંડલામાં 18.6 ડિગ્રી સેલ્સિયલ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં ઠંડી વધવાની શક્યતા વ્યક્ત કરી છે. અમદાવાદમાં સાત ડિસેમ્બર બાદ તાપમાન 14 ડિગ્રીથી નીચે રહેવાની સંભાવના છે.

---------------------------------------------------------------------

- ડેસ્ક, અનિલ, NAVIN